# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : **૧૧** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 11**

**પ્ર. : ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ)**

(૧) આપણે કેટલા બોલનું પ્રતિક્રમણ કરીએ છીએ ? તે બોલ કયા કયા છે ?

**જવાબ (૧) આપણે ૮૨ બોલનું પ્રતિક્રમણ કરીએ છીએ. (૨૫ મિથ્યાત્વ + ૧૨ અવ્રત + ૫ પ્રમાદ + ૨૫ કષાય +૧૫ અશુભયોગ = કુલ ૮૨ બોલનું પ્રતિક્રમણ કરીએ છીએ.)**

(૨) સંથારામાં કેટલા અને કોના કોના પચ્ચક્ખાણ કરવામાં આવે છે?

**જ. (૨) સંથારામાં ૧૮ પાપસ્થાનક + ૪ આહાર + ૧ શરીર = એમ ૨૩ બોલના પચ્ચક્ખાણ કરવામાં આવે છે.**

(૩) વીસ વિહરમાન તીર્થંકરનો જન્મ, દીક્ષા, કેવળજ્ઞાનની પ્રાપ્તિ ક્યારે ક્યારે થઈ તે લખો.

**જ. (૩) વીસ વિહરમાન તીર્થંકરોનો જન્મ ૧૭મા શ્રી કુંથુનાથના નિર્વાણ થયા પછી થયો.**
**દીક્ષા ૨૦મા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના નિર્વાણ પછી થઈ.**
**દીક્ષા પછી ૧ મહિને તેમને કેવળજ્ઞાન થયું.**

(૪) <u>ફક્ત સંખ્યા લખો :</u> પાપ સૂત્ર, અબ્રહ્મચર્ય, પરિષહ, મદ, આશાતના, લેશ્યા.

**જ. (૪)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાપસૂત્ર | = | ૨૯ | મદ | = | ૮ |
| અબ્રહ્મચર્ય | = | ૧૮ | આશતના | = | ૩૩ |
| પરિષહ | = | ૨૨ | લેશ્યા | = | ૬ |

(૫) <u>પાઠ પૂરો કરો :</u> જંપિય .............. મણામં

**જ. (૫) ઈમં શરીરં ઈઠંકંતં પિયં મણુન્નં.**

(૬) ગોચરીમાં કોને ઓળંગીને જવું નહીં ? તે બતાવતા મૂળ શબ્દ લખો.

**જ. (૬) ગોચરીમાં કૂતરાં, વાછરડાં, બાળકોં ઓળંગીને જવું નહિ. મૂળ શબ્દ = સાણા વચ્છા, દારા.**

---

**પ્ર. : ૨.(ક) નીચેનામાંથી કોઈ પણ <u>૨૦ના</u> જવાબ લખો :**

(૧) તેજોલેશ્યાના ગુણસ્થાન કયા કયા ?

**જવાબ(ક)(૧) ૧થી ૭**

(૨) એકાંત શુકલ લેશ્યાના ગુણસ્થાન કયા કયા ?

**જ. (૨) ૮ થી ૧૨/૧૩**

(૩) અજ્ઞાનના ગુણસ્થાન કયા કયા ?

**જ. (૩) ૧લું અને ૩જું**

(૪) દ્રવ્ય આત્મા કયા કયા ગુણસ્થાને હોય ?

**જ. (૪) ૧ થી ૧૪**

(૫) અમર ગુણસ્થાન કયા કયા ?

**જ. (૫) ૩, ૧૨, ૧૩**

(૬) દાડમનું ગુણસ્થાન કર્યું ?

**જ. (૬) ૧લું**

(૭) સયોગીના ગુણસ્થાન કયા કયા ?

**જ. (૭) ૧ થી ૧૩**

(૮) ગર્ભજ મનુષ્યના ગુણસ્થાન કયા ?

**જ. (૮) ૧ થી ૧૪**

(૯) સંમુચ્છિંમ મનુષ્યના ગુણસ્થાન કયા ?

**જ. (૯) ૧લું**

(૧૦) દેવકુરુના યુગલિયાના ગુણસ્થાન કયા ?

**જ. (૧૦) ૧લું અથવા ૪થું**

(૧૧) ૫૬ અંતરદ્વીપના યુગલિયાના ગુણસ્થાન કયા ?

**જ. (૧૧) ૧લું**

(૧૨) ક્ષપક શ્રેણીના ગુણસ્થાન કયા ?

**જ. (૧૨) ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪**

(૧૩) પહેલે ગુણસ્થાને કેટલા દંડકના જીવો હોય ?

**(૧૩) ૨૪ દંડકના**

(૧૪) વિજય વિમાનના દેવનું ગુણસ્થાન કયું ?

**(૧૪) ૪થું**

(૧૫) કયા કયા ગુણસ્થાને જીવ અકષાયી હોય ?

**(૧૫) ૧૧ થી ૧૪**

(૧૬) સૌથી વધારે જીવો કયા ગુણસ્થાને હોય ?

**(૧૬) પહેલા**

(૧૭) અણાહારના ગુણસ્થાન કયા કયા ?

**(૧૭) ૧, ૨, ૪, ૧૩, ૧૪ (કેવળીની અપેક્ષાએ)**

(૧૮) ક્ષપક શ્રેણીવાળાને કયું સંઘયણ હોય ?

**(૧૮) વજ્ર ઋષભનારાચ સંઘયણ**

(૧૯) પહેલું ગુણસ્થાન લોકના કેટલા ભાગને સ્પર્શે ?

**(૧૯) લોકના સર્વ ભાગને / ૧૪ રાજલોકને**

(૨૦) ૮મા ગુણસ્થાનેથી જીવ ક્યાં ક્યાં જઈ શકે ?

**(૨૦) ૯માએ, ૭માએ, ૪થાએ**

(૨૧) ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી કેટલા કર્મની સત્તા હોય ?

**(૨૧) આઠેય કર્મની**

(૨૨) ૧૧ થી ૧૩ ગુણસ્થાનમાં કઈ કઈ ક્રિયા લાભે ?

**(૨૨) ઈરિયાવહિયા ક્રિયા - એક જ ક્રિયા લાભે**

(૨૩) ચોથે ગુણસ્થાને કયું ચારિત્ર હોય ?

**(૨૩) કોઈ પણ ચારિત્ર ના હોય.**

(૨૪) ક્ષાયિક સમકિતના ગુણસ્થાન કયા કયા ?

**(૨૪) ૪ થી ૧૪**

**(ખ) નીચેનામાંથી કોઈ પણ પાંચના જવાબ લખો :**

(૧) ૭મે ગુણસ્થાનકે જીવ ક્યારે આવે છે ?

**જવાબ(ખ)(૧) જીવ જ્યારે દર્શન સપ્તકનો ક્ષય, ઉપશમ કે ક્ષમોપશમ કરે તથા અપ્રત્યાખ્યાની ૪ કષાય અને પ્રત્યાખ્યાનાવરણીય એ ૪ કષાય એમ ૮ પ્રકૃતિનો ક્ષયોપયોશમ કરે અને ૫ પ્રમાદ છોડે ત્યારે ૭મે ગુણસ્થાનકે આવે છે.**

(૨) પ્રમાદ કેટલા છે ? કયા કયા ? જીવ ક્યા ગુણસ્થાને પ્રથમ વાર પ્રમાદ છોડે છે ?

**જ. (૨) પ્રમાદ પાંચ છે : મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા. જીવ ૭મે ગુણસ્થાનકે પ્રથમ વાર પ્રમાદ છોડે છે.**

(૩) કયું ગુણસ્થાન ઉપશાંત શ્રેણીવાળા પ્રાપ્ત કરે છે પણ ક્ષપક શ્રેણીવાળા નથી પ્રાપ્ત કરતા ? તે ગુણસ્થાને મોહનીયની કેટલી પ્રકૃતિનો ઉપશમ થાય ? તે ગુણસ્થાનની સ્થિતિ કેટલી ?

**જ. (૩) ૧૧મું ગુણસ્થાન ઉપશાંત શ્રેણીવાળા પ્રાપ્ત કરે પણ ક્ષપક શ્રેણીવાળા તે ગુણસ્થાને ના જાય. તે ગુણસ્થાને મોહનીયની સર્વ ૨૮ પ્રકૃતિનો ઉપશમ થાય છે. તે ગુણસ્થાનની સ્થિતિ જ. ૧ સમય ઉ. અંતઃ મુહૂર્ત છે.**

(૪) ક્યા ગુણસ્થાને મોહનીયની સર્વ પ્રકૃતિનો ક્ષય થાય ? ત્યાં જીવને કયું ચારિત્ર અને કયું સમકિત હોય ?

**જ. (૪) ૧૨મા ગુણસ્થાને મોહનીયની બધી પ્રકૃતિનો ક્ષય થાય, ત્યાં જીવને યથાખ્યાત ચારિત્ર અને ક્ષાયક સમક્તિ હોય.**

(૫) ૧૦મા ગુણસ્થાને કેટલા યોગ ? કેટલા ઉપયોગ ? કેટલી લેશ્યા ?

**જ. (૫) ૧૦મા ગુણસ્થાને યોગ ૯, ઉપયોગ ૭, લેશ્યા - ૧**

(૬) સામાયિક ચારિત્રના ગુણસ્થાન લખો. તે ગુણસ્થાને બીજાં કયા ચારિત્ર હોય ?

**જ. (૬) સામાયિક ચારિત્રના ગુણસ્થાન ૬ થી ૯, છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ ચારિત્ર હોય.**

(૭) સિધ્ધમાં કેટલા યોગ, ઉપયોગ અને લેશ્યા ?

**જ. (૭) સિદ્ધમાં યોગ અને લેશ્યા નથી. ઉપયોગ - ૨.**

**(ગ)**(૧) કેવળીને પરિષહ કેટલા હોય ? શા માટે હોય ? કેટલા ભોગવે ?

**જવાબ(ગ)(૧) કેવળીને વેદનીય કર્મ છે તેથી વેદનીય કર્મના ઉદયે આવતા ૧૧ પરિષહ હોય - તેમાંથી ૯ ભોગવે.**

(૨) કેવળીને કયા જ્ઞાન હોય ? કેટલા યોગ હોય ? કઈ લેશ્યા હોય ?

**જ. (૨) કેવળીને કેવળજ્ઞાન, યોગ-૩, લેશ્યા પરમ શુક્લ લેશ્યા**
**કારણ દ્વાર - કર્મબંધનના કારણ પાંચ છે. તે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, જોગ**
**ગુણ - ૧, ૩ - પાંચે કારણ**
**બીજે - ચોથે - ૪ કારણ (મિથ્યાત્વ વર્જીને) ૧૧મે ૧૨મે ૧૩મે - ૧ કારણ તે જોગ**
**પાંચમું - છઠ્ઠું - ૩ કારણ (મિથ્યાત્વ અવ્રત વર્જીને). ૧૪મે - કોઈ કારણ નથી**
**૭ થી ૧૦ - ૨ કારણ (મિથ્યાત્વ અવ્રત પ્રમાદ વર્જીને)**

**(ઘ)** સમકિત દ્વાર લખો :

**જ્વાબ (ઘ) : સમકિત દ્વાર ૧લે ત્રીજે - સમકિત નથી. બીજે ગુણ - સાસ્વાદાન સમાકિત.**
**૪-૫-૬ ગુણ સાસ્વાદાન સમાકિત સિવાયના બાકીના ચાર**
**૮ થી ૧૧ ગુણ - ઉપશમ, ક્ષાયિક સમકિત -**
**૧૨ થી ૧૪ - ૧ - ક્ષાયિક સમકિત સિદ્ધ - ક્ષાયિક સમકિત**

---

**પ્ર. : ૩. જીવ પરિણામ – અજીવ પરિણામના આધારે (કોઈ પણ ત્રણના જવાબ) લખો :**

(ક) જીવ પરિણામ એટલે શું ? તેના પ્રકાર કેટલા ? કયા કયા ?

**જ. (ક) જીવની ગતિ વગેરેની પર્યાયના પરિવર્તનથી થવાવાળી અવસ્થા તે જીવ પરિણામ, તેના ૧૦ પ્રકાર છે. ૧) ગતિ ૨) ઇન્દ્રિય ૩) કષાય ૪) લેશ્યા ૫) યોગ ૬) ઉપયોગ ૭) જ્ઞાન ૮) દૃષ્ટિ ૯) ચારિત્ર ૧૦ વેદ.**

(ખ) <u>વ્યાખ્યા લખો :</u> (૧) બંધન પરિણામ (૨) કુસમાણ ગતિ

**જ. (ખ) અજીવમાં બે પરમાણુ પુદ્‌ગલથી માંડીને અનંત પ્રદેશી પુદ્‌ગલનું જોડાવું તે બંધન પરિણામ છે.**
**૨-કુસમાણ ગતિ - પુદ્‌ગલ આકાશ, પ્રદેશને સ્પર્શી (એક સમય રોકાઈ)ને જેમ ટપ્પી પડતાં બોલ ગતિ કરે છે તેમ.**
**ટપ્પો પડતાં બોલ ગતિ કરે છે તેમ.**

(ગ) સંસ્થાન એટલે શું ? તેના પ્રકાર કેટલા નામ લખો. દરેક પ્રકારના આકાર લખો.

**જ. (ગ) સંસ્થાન એટલે આકાર. તેના પાંચ પ્રકાર છે. પરિમંડળ, વટ્ટ, ત્રસ, ચઉરંસ, આયત. પરિમંડળ, બંગડી આકારે (વચ્ચે પોલાણ હોય તેવું, વટ્ટ-લાડવાને આકારે, ત્રંસ-ત્રિકોણના આકારે, ચઉરસ - ચોરસ આકારે, આયાત - લાકડીના આકારે.**

(ઘ) અજીવ પુદ્ગલ કેટલા પ્રકારે ભેદાય છે ? કયા કયા ?
લોખંડનો ટુકડો કયો ભેદ છે ?

**જ. (ઘ) અજીવ પુદ્ગલ પાંચ પ્રકારે ભેદાય છે. (૧) ખંડભેદ (૨) પ્રતરભેદ (૩) ચૂર્ણભદ (૪) અનુતટિકા ભેદ (૫) ઉત્કારિકા ભેદ. લોખંડનો ટુકડો ખંડભેદ છે.**

---

**પ્ર. : ૪. સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો :**

(૧) મૃત્યુ ના બગડે માટે શું કરશો ?

**જવાબ: (૧) આયુષ્યનો બંધ અંતિમ સમયે પણ થાય, માટે અંતસમય સુધારુ જીવવાનો મોહ ના રાખું. પૈસા કે પરિવારમાં જીવન રાખું, વેરઝેર છોડું, મરતાં પહેલાં મમતા મૂકી દઉં. ખામેમિ, મિચ્છામિ, વંદામિની આરાધનાથી સંલેખના કરું. મારા પર ભવને સુધારવા સિવાય કોઈની ચિંતા ન કરું. મૃત્યુને મહોત્સવ બનાવું, તે માટે આજને સુધારું.**

(૨) કટુવચનો સહન કરી કયા કયા સતી મોક્ષે ગયાં ?

**જ. (૨) સતી અંજના, સતી ચંદનબાળા વગેરે કટુ વચન સહન કરી મોક્ષે ગયાં.**

(૩) નાના જ્યારે અવિનય કરે ત્યારે વડીલોએ શું ન વિચારાય ? બે મુદ્દા લખો.

**જ. (૩) હું કહું તેમ કેમ ન માને? મારી સામું કેમ બોલે ?**
**મારી બધી અપેક્ષાઓ અને આશાઓ પર પાણી ફરી વળ્યું.**
**પુત્રવધૂ આવ્યાં ત્યારથી ઘરમાં શાંતિ નથી.**
**મેં ઘણાં કષ્ટો સહન કરી ભણાવ્યા, ગણાવ્યા છતાં મારી સાથે આવું વર્તન કરે છે?**

(૪) ધર્મરૂપી વૃક્ષનું મૂળ શું છે ?

**જ. (૪) વિનય એ ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે.**

(૫) ........ વધારે અને ........ ઓછા હોય તો ઇચ્છા પૂરી થતી નથી.

**જ. (૫) મોહ વધારે અને પુણ્ય ઓછાં હોય તો ઇચ્છા પૂરી થતી નથી.**

(૬) ક્રોધ ........નો અને માન ........નો નાશ કરે છે.

**જ. (૬) ક્રોધ પ્રીતિનો અને માન વિનયનો નાશ કરે છે.**

---

**પ્ર. : ૫. કથા વિભાગના આધારે જવાબ લખો :**

**(ક) કોઈ પણ પાંચના જવાબ લખો :**

(૧) મહાશતકને કેટલી પત્નીઓ હતી ? તેમાં મુખ્ય કઈ હતી ?

**જવાબ(ક)(૧) મહાશતકને ૧૩ પત્નીઓ હતી, તેમાં રેવતી મુખ્ય હતી.**

(૨) મહાશતક પાસે કુલ કેટલી ગાયો હતી ?

**જ. (૨) મહાશતક પાસે કુલ ૮૦,૦૦૦ ગાયોહતી.**

(૩) મહાશતક કયા ભગવાનના સમયમાં થઈ ગયા ?

**જ. (૩) મહાશતક મહાવીરસ્વામી ભગવાનના સમયમાં થઈ ગયા.**

(૪) મહાશતકને ચારિત્રની નિર્મળતાને કારણે કયું જ્ઞાન પ્રાપ્ત થયુ ?

**જ. (૪) મહાશતકને અવધિજ્ઞાન થયું.**

(૫) મહાશતક મરીને પહેલા દેવલોકના કયા વિમાનમાં ઉત્પન્ન થયા ?

**જ. (૫) મહાશતક મરીને પહેલા દેવલોકમાં અરુણાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયા.**

(૬) રેવતી મરીને કયા નરકાવાસમાં ઉત્પન્ન થઈ ?

**જ. (૬) રેવતી મરીને લોલુપાચ્યુત નામના નરકાવાસમાં ઉત્પન્ન થઈ.**

(૭) પહેલા દેવલોકમાં મહાશતકનું આયુષ્ય કેટલું છે ?

**જ. (૭) પહેલા દેવલોકમાં મહાશતકનું આયુષ્ય ૪ પલ્યનું છે.**

**(ખ) કોઈ પણ <u>પાંચના</u> જવાબ લખો : (એક શબ્દમાં)**

(૧) રયણાદેવી ક્યાં રહેતી હતી ?

**જવાબ(ખ)(૧) રત્નદ્વીપમાં**

(૨) કયા દેવે રયણાદેવીને લવણસમુદ્ર સાફ કરવા કહ્યું ?

**જ. (૨) સુષ્ઠિત દેવે**

(૩) કઈ દિશાના વનખંડમાં માકંદીપુત્રોને જવાની ના પાડવામાં આવી

**જ. (૩) દક્ષિણ દિશાના**

(૪) માકંદીપુત્રોને રત્નદ્વીપથી ભાગી છુટવા કોણ બચાવી શકે તેમ હતું ?

**જ. (૪) શૈલકયક્ષ**

(૫) રયણાદેવીનાં મધુર વચનો સાંભળી કોણ ચલાયમાન થઈ ગયું ?

**જ. (૫) જિનરક્ષિત**

(૬) જિનપાલ મરીને ક્યાં ઉત્પન્ન થયા ?

**જ. (૬) સુધર્મકલ્પમાં**

(૭) માકંદીપુત્રો કેટલી વાર લવણ સમુદ્રમાં મુસાફરી કરી આવ્યા હતા ?

**જ. (૭) ૧૧ વખત.**

---

**પ્ર. : ૬. કાવ્ય વિભાગના આધારે જવાબ આપો :**

**કડી પૂરી કરો :**

(૧) જેની ચામડી ............................ ગુણી ...........મહાસંત

**જવાબ (૧) જેની ચામડી તડતડ ઉતરે, તોયે હૃદયે રોષ ન લગીરે**
**એવા ખંધક મુનિ, બહુ સમતાના ગુણી ..... મહાસંત**

(૨) પાપ કરે તે ............................. શરણ આવું ........... ના રે ના.

**જ. (૨) પાપ કરે તે નરકે જાય, આગમકારો બોલે,**
**મારા જેવા મહાપાપીની, બંધ આંખો ખોલે,**
**ભવભવના આ દુઃખથી બચવા, તારા શરણે આવું ... ના રે ના....**

(૩) જ્ઞાનને .................................. ભ્રમ તોડવા .......... જીવવું છે.

**જ. (૩) જ્ઞાનને ઠોસ કરવા, દુનિયાથી જુદું જીવવું છે,**
**હું તો માનું છું, હું જે સમજું છું, જ્ઞાની કહે છે ભ્રમમાં જીવે છે તું,**
**ગુરુકૃપાએ ભ્રમ તોડવા, દુનિયાથી જુદું જીવવું છે.**

(૪) નાટકિયા ................................ હું તારું.

**જ. (૪) નાટકિયા જેવું છે હે પ્રભુ, આખું જીવન મારું,**
**પોપટની માફક ઉચ્ચારું, નામ પ્રભુ હું તારું.**

**॥ જય જિનેન્દ્ર ॥**